# હાથીડા રે હાથીડા વેર લેવા આવ્યા છી

— લાભશંકર ઠાકર

એક હતો હાથી. પહાડ જેવો હાથી. તગડો હાથી.

હાથી ચાલે તો ધરતી ધમધમ થાય.

દોડે તો ઝાડ હલવા માંડે.

હાથીને પીપળનાં પાન બહુ ભાવે.

પીપળનાં પાન બધા હાથીને ભાવે.

એક દિવસ પહાડ જેવો તગડો હાથી એક પીપળના ઝાડ પાસે આવ્યો.

દૂરથી જ એણે ઝીણી આંખોથી તડકામાં ચળકતાં અને પવનમાં ફરકતાં પીપળનાં પાન બરાબર જોઈ લીધાં હતાં.

એમાં લીલાંછમ મોટાં મોટાં પાન હતાં : અને તાંબા જેવા રંગના કૂણાં કૂણાં પાન પણ હતાં. હાથી તો પીપળના ઝાડ પાસે આવીને ઊભો રહ્યો.

મોટાં અને કૂણાં પાનથી ભરચક્ક એક ડાળને માથું ઊંચુ કરીને હાથી જોઈ રહ્યો.

હવે એ ડાળ પર મંકોડાની એક હાર પસાર થતી હતી.

બે ત્રણ મંકોડાનું ધ્યાન જતાં બોલી ઊઠ્યા : ‘‘એલા હાથી આવ્યો છે.’’

હાથીએ જરાક સૂંઢ ઊંચી કરી.

‘‘હાથીભાઈ, હાથીભાઈ, ઊભા રહો.’’ મંકોડા બોલ્યા.

‘‘એલા, મને કોણ રોકે છે.?’’

‘‘અમે છીએ, હાથીભાઈ, મંકોડા.’’

‘‘તે તમે મને રોકનાર કોણ ?’’

‘‘હાથીભાઈ, છે ને, અમે ડાળ પરથી ઊતરી જઈએ. પછી તમે ખાવ.’’

‘‘જાવ જાવ, તમે મને રોકનાર કોણ ?’’

હાથીએ તો સૂંઢ ઊંચી કરી. મંકોડાએ તો ટપટપ ભૂસકા માર્યા. કેટલાંક બચ્યાં હતાં.

કેટલાક ઘરડા હતા. હાથીએ તો મોટી ડાળ પર સૂંઢ વીંટીને જરાક જોર કર્યું ત્યાં કડડ કરતી ડાળ તૂટી. મંકોડાઓએ તો ભાગંભાગ કરી ભૂસકા માર્યા. કેટલાકને વાગ્યું, કેટલાક તો મરી પણ ગયા. તગડા હાથીએ તો પેટ ભરીને પીપળાનાં પાન ખાધાં. પછી ડોલતો ડોલતો ચાલવા લાગ્યો.

રસ્તામાં એક તલાવડી હતી.

તલાવડી જોઈને હાથી ગેલમાં આવી ગયો.

એનાં ધમધમ પગલાં સાંભળીને માછલીઓ ભાગી, સામા કાંઠા તરફ.

હાથીએ તો છબ છબ પાણીમાં પગ મૂક્યા. સાવ નાની નાની માછલીઓ ગભરાઈ ગઈ.

‘‘હાથીભાઈ, હાથીભાઈ, ઊભા રહો.’’

‘‘એલા, મને કોણ રોકે છે?’’

‘‘અમે છીએ, હાથીભાઈ, નાની નાની માછલીઓ.’’



‘‘તે તમે મને રોકનાર કોણ ?’’

‘‘ હાથીભાઈ, છે ને, અમે સામે કાંઠે જતી રહીશે પછી તમે પાણી પીજો.’’

‘‘જાવ જાવ તમે મને રોકનાર કોણ ?’’

હાથીએ તો સૂંઢથી પાણી ખેંચ્યું. પછી ફુવારાની જેમ સૂંઢ ઊંચી કરીને પાણી હવામાં છોડયું. કેટલીક માછલીઓ ભાગી. કેટલીક સૂંઢમાં ખેંચાઈ અને પાણીના ફુવારામાં અધ્ધર હવામાં ફેંકાઈને નીચે હાથીના શરીર પર અથડાઈ. માછલીઓ ગભરાઈ ગઈ. કેટલીક તો ફુવારામાં ઊડીને બહાર જમીન પર તડકામાં પછડાઈને તરફડવા લાગી. હાથીએ ગેલમાં આવીને પાણી સૂંઢથી ખેંચી ખેંચીને ફુવારા છોડયા. એને તો બહુ મજા આવી. પછી પાણી પીધું.

પાણી પીને હાથી તલાવડીમાંથી બહાર નીકળ્યો. એક જાંબુના ઝાડ નીચે છાંયો હતો. હાથી છાંયામાં સૂઈ ગયો. હાથી તો ઊંઘતો હતો. ત્યાં મંકોડા આવ્યા.

એક મંકોડો.

બે મંકોડા.

દસ મંકોડા.

સો મંકોડા.

હજાર મંકોડા.

મંકોડા જ મંકોડા. બધા ગાતા ગાતા આવે છે.

**હાથીડા રે હાથીડા**

**વેર લેવા આવ્યા છી**

**ચટાક ચટકા લાવ્યા છી**

તળાવડીના કાંઠે બધી માછલીઓ તાકીને જોતી હતી. માછલીઓ પણ હાથીડા પર ગુસ્સે થઈ હતી. મંકોડા તો બધા હાથીના શરીરના જુદા જુદા ભાગ પર ગોઠવાઇ ગયા. હાથી તો ઘસઘસાટ ઊંઘે છે.

**હાથીડા રે હાથીડા**

**વેર લેવા આવ્યા છી**

**ચટાક ચટકા લાવ્યા છી**

માછલીઓ બધી ટગરટગર તાકી રહી છે.

બધા મંકોડા મૂંગા થઇ ગયા.

‘‘એક, દો, તીન’’ એમ એક મંકોડાએ અવાજ કર્યો બધા મંકોડાએ હાથીને એક સાથે ડંખ માર્યો. ડંખ ઉપર ડંખ. ચટકા ઉપર ચટકા. હાથી તો જાગી ગયો. ચટકા ઉપર ચટકા. ‘‘ઓ રે, ઓ રે, કોણ છે આ ?’’ હાથી તો કૂદતો જાય, પૂંછડી ઉલાળતો જાય, કાન ફફડાવતો જાય હને ઊંહકારા કરતો જાય. મંકોડાના સરદારે કહ્યું : ‘‘અમે મંકોડા છીએ.’’ પછી બધાએ એક સાથે ગાયું :

**હાથીડા રે હાથીડા**

**વેર લેવા આવ્યા છી**

**ચટાક ચટકા લાવ્યા છી**

હાથી તો કૂદે, પૂંછડી ઉલાળે, કાન ફફડાવે અને ઊંહકારા કરે. મંકોડા તો ડંખ મારે, ચટકા ઉપર ચટકા ભરે.

‘‘મને છોડો મંકોડાભાઈઓ. મને માફ કરો. હવે કદી ભૂલ નહિ કરું. મંકોડા હાથીના શરીર પરથી ઊતરી ગયા. હાથી તો ચટપટ ચટપટ શરીર સાથે તલાવડીમાં દોડયો. શરીરે અગન અગન બળતી હતી. માછલીઓ તો હાથીના શરીર પર ચઢીને કાનમાં ઘૂસીને ગલીપચી કરવા લાગી. હાથી તો કૂદાકૂદ કરે.

‘‘કોણ છો રે ?’’

‘‘અમે માછલીઓ.’’

‘‘મને છોડો બહેનો. મને માફ કરો. હવે કદી આવી ભૂલ નહીં કરું. માછલીઓ તો ટપ ટપ કૂદીને પાણીમાં પડી.

હાથી હવે જ્યારે પણ ઝાડનાં પાન ખાવા આવે છે ત્યારે બોલે છે :

‘‘પાન ખાવા આવ્યો છું.’’

મંકોડા બોલે છે : ‘‘ખાવ, હાથીભાઈ ખાવ. પણ એક મિનિટ ઊભા રહો.’’ હાથી પાણી પીવા જાય ત્યારે બોલે છે. : ‘‘પાણી પીવા આવ્યો છું.’’

માછલીઓ બોલે છે : ‘‘પીઓ, હાથીભાઈ પીઓ. પણ એક મિનિટ ઊભા રહો.’’

■